મરહુમ શેઠ નવરોજી જાંગીર ગામડીઆ અને ધી ઓનરેબલ સર દીનશાહ ધનજીભાઇ દાવરનાં મરણ માટે ત્રસ્ટી સાહેબોએ પોતાની તા૦ ૮–૮–૧૬ ની મીટીંગમાં નીચલા ઠરાવો કરયા હતા:–શેઠ નવરોજી જેહાંગીર ગામડીયા જેવણ રોજ ૧૪ મો ગોશ માહ ૧૧ મો બહમન શેહેનશાહી, માહ ૧૨ મો અસપંદારમદ કદમી, સને ૧૨૮૫ યઝદેજરદી, શુકરવાર તા૦ ૨૧ મી જુલાઇ ૧૯૧૬ ને દીને હક થયા છે તેવણના મરણની નોંધ તેવણના હમશરીક ત્રસ્ટીઓ દીલગીરી સાથે લે છે. એવણ સાહેબ ત્રસ્ટીઓની ચુંટણીની નવી યોજના પ્રમાણે તા૦ ૨૫ મી મારચ ૧૯૧૧ ને દીને ચુંટી કહડાયા હતા. ત્યારથી તેવણ સાહેબે આપણા ખાતામાં ઘણી ઉલટ અને ઉમંગથી ભાગ લેવા માંડયો હતો. તેવણ સાહેબ સભાઓમાં નીયમીત હાજરી આપતા હતા. તેવણની એક વેપારી અને જમીનદાર તરીકેની અનુભવી સલાહ તેવણના ગોઠયાઓને નાણાં અને મીલકતની વ્યવસ્થાની બાબતમાં ઘણી ઉપયોગી માલમ પડતી હતી. એવા એક ભલા અને ખંતીલા ત્રસ્ટીને ખોહવા માટે તેવણનાં ગોઠયા ત્રસ્ટીઓ ઘણા દીલગીર છે. આ ઠરાવની નકલ મરહુમના વડા બેટા શેઠ બેરાંમજી ઉપર તેવણની અને કુટુંબની વાકેફી માટે મોકલી આપવી અને અકેક નકલ સરવે પારસી વરતમાન પત્રોને પોંહોચાડવી. ધી ઓનરેબલ સર દીનશાહ ધનજીભાઇ દાવર, જેવણ રોજ ૨૨ મો માહ ૧૧ મો શેહેનશાહી, માહ ૧૨ મો કદમી યઝદેજરદી સને ૧૨૮૫ ને શનીવારે તા૦ ૨૯ મી જુલાઇ ૧૯૧૬ ને દીને હક થયા છે, તેવણના મરણની નોંધ તેવણના હમશરીક ત્રસ્ટીઓ દલગીરી સાથે લે છે. એવણ સાહેબ મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટે ત્રસ્ટી તરીકેનું રાજીનામું આપવાથી તેવણની ખાલી પડેલી જગયાએ તા૦ ૨૦ મી જાનેવારી ૧૯૧૫ ને દીને ચુંટી કહડાયા હતા. એવણની ચુંટણીથી ધરમખાતાંનાં કારોબારમાં કાયદા શંબંધી બાબતોની કેટલીક મદદની ત્રસ્ટીઓ આશા રાખતા હતા, પણ માથાં ભાયગે એવણ સાહેબ લાંબો વખત જીવ્યા નહીં. તોપણ આશરે એક વરસ અને ૬॥ માસની ટુંકી મુદતનાં અરસામાં એવણે ધરમખાતાંના કામકાજમાં જે ભાગ લીધો હતો તે ઉમંગી ઉલટ ભરયો અને કાલજીમંદ હતો. એવણની આશાવંતી જીંદગી એમ જલદીથી ખતમ થવાનાં સબબે આ ધરમખાતાંને મોટી ખોટ ગઇ છે. એવા એક ગોઠયાને ખોહવા માટે ત્રસ્ટીઓ ઘણા દલગીર છે. આ ઠરાવની નકલ મરહુમનાં બેટા શેઠ જાંહગીર ઉપર તેવણ અને કુટુંબની વાકેફી માટે મોકલી આપવી, અને અકેક નકલ સરવે પારસી વરતમાનપત્રોને પોંહોચાડવી.

પારસી પંચાએતનાં ત્રસ્ટીઓની ચુંટણી કરવા માટે ઘડાયલી યોજનાની રૂએ શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજીનાં મરણથી ખાલી પડેલી બેઠક પુરવા માટેની ચુંટણી તા૦ ૧–૭–૧૬ ને દીને થઇ હતી. તે વેલા શેઠ જાંગીર બમનજી પીટીટને ત્રસ્ટી તરીકે ચુંટી કાહાડવામાં આવ્યા હતા. શેઠ નવરોજી જાંગીર ગામડીયા અને ધી ઓનરેબલ સર દીનશાહ ધનજીભાઈ દાવરનાં મરણથી ખાલી પડેલી બેઠકો પુરવા માટેની ચુંટણી તા૦ ૨૯–૮–૧૬ ને દીને થઇ હતી. તે વેલા શેઠ કાવસજી જાલભાઈ શેઠ અને ધી ઓનરેબલ સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટને ત્રસ્ટીઓ તરીકે ચુંટી કાહાડવામાં આવ્યા હતા.

યુરોપમાં ચાલતી લડાઇમાં નામદાર બ્રીટીશ રાજ્ય તથા મીત્રો રાજ્યોને ફતેહ મલે તે સારૂ પારસી કોમ તરફથી, મરહુમ શેઠ હોરમસજી બ. વાડીયાનાં આતશબેહેરામનાં દીવાનખાનામાં તા૦ ૪ થી ઓગસ્ટ૧૯૧૬ ને દીને બંદગી કરવામાં આવી હતી. મરહુમ શેઠ બમનજી દીનશાહ પીટીટનાં માનમાં અનજુમનની સભા બોલાવવા માટે ત્રસ્ટી સાહેબોને મલેલાં રેકવીઝીશનની રૂએ અનજુમનની એક સભા ઓલબલેસ બાગમાં તા૦ ૧૨ મી મારચ ૧૯૧૬ ને દીને મલી હતી. ધી ઓનરેબલ મરહુમ સર ફીરોઝશાહ મેહેરવાનજી મેહેતા, સી. આઇ. ઇ. નાં માનમાં અનજુમનની સભા બોલાવવા માટે ત્રસ્ટી સાહેબોને મલેલાં રેકવીઝીશનની રૂએ અનજુમનની એક સભા ઓલબલેસ બાગમાં તા૦ ૩૦ મી જુલાઇ ૧૯૧૬ ને દીને મલી હતી. ધી ઓનરેબલ મરહુમ સર દીનશાહ ધનજીભાઈ દાવરનાં માનમાં અનજુમનની સભા બોલાવવા માટે ત્રસ્ટી સાહેબોને મલેલાં રેકવીઝીશનની રૂએ અનજુમનની એક સભા દાદીશેઠનાં આતશબેહેરાંમમાં તા૦ ૩ જી ડીસેમબર ૧૯૧૬ ને દીને મલી હતી.

સર જમશેદજી મદરેસાનાં વીદયારથીઓને ઇનામો આપવા માટેનો મેલાવડો શેઠ મેરવાંનજી મનચેરજી કામાનાં પ્રમુખપદ હેથલ તા૦ ૨૨ મી જાનેવારી ૧૯૧૬ ને દીને સર જમશેદજી ઇનસ્ટી-ટયુશનનાં મકાનમાં કરવામાં આવ્યો હતો. તા૦ ૯ મી અકટોબર ૧૯૧૬ ને દીને સર જમશેદજી ઇનસ્ટીટયુશનનાં મકાનમાં મરહુમ ડા૦ જેમ્સ હોપ મોલતનનાં પ્રમુખપદ હેથલનો એક મેલાવડો જેમાં જરથોસ્તી ધરમ સંબંધી કેલવણી આપનારી મંડળી હસ્તકના વરગોનાં બાલકોને ઇનામો આપવા કાજે ભેગો મલ્યો હતો તેમાં ઇનામો આપવામાં આવ્યાં હતાં.

નીચલાં ખાતાઓ તરફ મદદ કાજે જરથોસ્તી સાહેબોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

૧–પારસી પંચાએતના વખતો વખતના ત્રસ્ટીઓએ પોતાની નજરમાં આવે એવા જરથો-સ્તીઓના ફાયદાને માટે ચુંટી કાઢેલા સખાવતી કામ યા કામોમાં વાપરવા માટેનું ફંડ, ૨–ગરીબ જરથોસ્તી બાપ વીનાનાં બચ્ચાં તથા વીધવાઓને મદદ કરવાનું ફંડ (આ ફંડની મકસદ આ છે કે ગરીબ જરથોસ્તી બાપ વીનાના બચ્ચાં તથા વીધવાઓને કોઇ પણ રીતે મદદ આપવી અથવા તેઓના લાભને માટે કોઇ પણ રીતે ખરચ કરવો, જેમકે બચ્ચાંઓને ઓરફનેજમાં મોકલવાનો, અથવા મા યા વાલી સાથે રહેતાં હોય તો ભરણ પોશણ અને કેલવણીનો ખરચ આપવો, અથવા વીધવાઓને વરક કલાસમાં જવા અથવા નરશીંગ શીખવા અથવા એવો બીજો ધંધો શીખવા અથવા ધંધાના ઓજારો વીગેરે લેવા માસીક અથવા ઉચક મદદ આપવી, અથવા જે ખાતાંઓ એવાં બચ્ચાંઓ અથવા વીધવાઓને મદદ આપતાં હોય તેઓને ઉચક અથવા માસીક મદદ કરવી,) ૩–પારસી સંકટ નીવારણ ફંડ, ૪–ચોપાટીની ધરમશાલા મધે આંધલાં પાંગલાં તથા લાચાર જર-થોસ્તીઓને રાખીને પરવરશી કરવાનું ફંડ, ૫–મુંબઇનાં આંધલાં પાંગલાં તથા લાચાર જરથોસ્તી-ઓની પરવરશી કરવા માટે પગાર આપવાનું ફંડ, ૬–મુંબઇ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાલોનું ફંડ, ૭–ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખાં અથવા બીજાં દરદોના ઇલાજ વીગેરે સબબો માટે મદદ કરવાનું ફંડ, ૮–કુલ જરથોસ્તી રવાંનોને અવલમંજલ પોહોંચાડવાનું ફંડ, ૯–ગરીબ લાચાર જરથોસ્તી વીધવાઓને આશરો આપ-વાનું ફંડ.

ચીનના જરથોસ્તી અંજુમનનાં ધરમનાં ફંડોની વીગત.

ત્રસ્ટીઓ—શેઠ નવરોજી હોરમજી મોદી, શેઠ દીનશાહ કાવસજી શેઠના, શેઠ ફરામરોજ પેસતનજી શરાફ, શેઠ બરજોરજી પેશતનજી મેહતા, અને શેઠ હોરમસજી કેખશરૂ ઇરાની.

ઉપલા ત્રસ્ટી સાહેબો હસતક સને ૧૯૧૭ના સાલની ચીનની જરથોસ્તી અનજુમનનાં નીચલાં જુદાં જુદાં ધરમખાતાંના ફંડોની કુલે પુંજી ડા. ૧૧૯૩૦૩)૮૪ ની છે, તેમાંથી હાંગકાગ કનટાન અને વાંમપુની રવાનની જગાનો તેમજ અંનજુમનનાં મકાંનોનો સરવે ચાલુ ખરચ કરવામાં આવે છે. કોઇ ગરીબ જરથોસ્તી નાચારી હાલતમાં આવ્યો હોય તો તેને આશરો આપવામાં આવે છે. અને કોઇ લાચાર જરથોસ્તીનું મરણ નીપજ્યું હોય તો તેનો ઘટતો ખરચ કરવામાં આવે છે. લાચાર ચીનાઓને આશરો આપવા ઉભાં કીધેલાં ફંડમાંથી દર સાલ તેવા લાચાર ચીનાઓને મદદ આપવામાં આવે છે, અને ધહમબાર ફંડમાંથી દર સાલ ધહમબારનું જશન તથા ખાનું કરવામાં આવે છે.

૨૪૯૪૮)૦૨ હાંગકાંગ, કનટાન અને મકાઉનાં જરથોસ્તીઓનાં ધરમનાં ફંડ ખાતે.
૧૫૫૧૪)૮૧ લાચાર આંધલાં પાંગલાં ચીનાઓને આશરો આપવાનાં ફંડ ખાતે.
૧૨૫૫૯)૩૭ વીકટોરીયા જુબીલી પારસી ચેરીટી ફંડ ખાતે.
૪૭૩૬)૯૪ હાંગકાંગની જરથોસ્તી અનજુમનનાં ધમબારનાં ફંડ ખાતે.
૧૩૬૦૩)૯૭ શેહેનગાહીની રૂવાંનની જગા બદલ મલેલી રકમ ખાતે.
૧૦૩૨) એમોયની રૂવાનની જગા ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ નશરવાનજી નાનાભાઇ પટેલના પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ રતનજી બેહેરામજી બીસનીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ એદલજી ફરામજી કરાંણીના પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ નશરવાનજી બમનજી મોદીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ દાદાભાઇ કાવશજી તાતાનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૧૦૦૦) બેહેસતનશીન શેઠ ધનજીભાઇ રતનજી બીસનીની યાદગારી કાયમ રાખવા સારૂ હાંગકાંગ, કનટાનનાં જરથોસ્તીઓએ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ ખરશેદજી બમનજી શેઠનાનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ એદલજી નવરોજી મહેતાનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૨૨૭૨)૭૩ મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના ધણીયાંણી લેડી શાકરબાઇ તે મરહુમ શેઠ ફરામજી ભીખાજી પાંડેનાં બેટીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૯૦૯)૦૯ બેહેસતનશીન શેઠ ફરામજી દીનશાજી પીટીટ, શેહેનશાહબાનુ વીકટોરીયાની જુબીલીનાં ટાંકણાંસર યુરોપ, અમેરીકા તથા જાપાનની મુસાફરી કરી હાંગકાંગ સને ૧૮૮૭ નાં સાલમાં આવયા હતા તેની યાદગારી રાખવા સારૂ આપેલી નોટને ખાતે.
૨૦૪૦)૦૩ કનટાનના જરથોસતીઓના ધહમબારના ફંડ ખાતે.
૫૦૦) શેઠ અરદેશર હોરમસજી ચીનાઇએ પોતાના બાવાજી, માતાજી તથા ભાઇ કાવશજીના પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૯૦૯)૦૯ મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટનાં પુણને સારૂ તેવણુની પુંજીમાંથી એવણુના વીધવા બાઇ દીનબાઇ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુંગાનાં બેટીએ આપેલા ૩૨૦૦૦ નાં બોમબે પોરટ ટરસટ બોંડને ખાતે.
૨૬૭૨)૭૩ મરહુમ સર દીનશાજી મા. પીટીટ બારોનેટે પોતાની યાદગારી સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ નશરવાનજી દાદાભાઇ ઓલીયાએ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) બેહેસતનશીન શેઠ મેહેરવાનજી બેહેરામજી પાલીસવાલાએ પોતાના બાવાજી શેઠ બેરામજી તથા માતાજી બાઇ કુંવરબાઇનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૫૦૦) મરહુમ શેઠ એદલજી માણેકજી કાપડયાએ પોતાના બેહેસતનશીન દીકરા શેઠ અરદેશરજીનાં પુણને સારૂ કીધેલાં ધરમ ખાતે.
૧૦૦૦) શેઠ બમનજી પાલનજી કરંજીયા ૧૮૯૮ ની ૩ જી ડીસેમબરે મુંબઇમાં હક થયા તેવણુના પુણ માટે તેવણુની પુંજીમાંથી તથા તેવણુનાં બેશીઓએ ભરેલી રકમને ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસ્પજી ઉનવાલા તે હાંગકાંગના રૂ તથા સુતરના દલાલે પોતાના બાવાજી આ૦ જામાસપજીનાં પુણુને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસપજી ઉનવાલાએ પોતાના માતાજી માણેકબાઇ તે આ૦ એદલજી દોરાબજી કોટવાલના બેટીનાં પુણુને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૬૪૦૪)૦૬ બેહેસતનશીન શેઠ દોરાબજી નવરોજીએ પોતાની યાદગારી સારૂ કીધેલાં ધરમખાતે.

૧૦૦૦) શેઠ માણેકજી પેસતનજી તલાટીએ પોતાનાં મરહુમ માતાજી બાઇ મોતીબાઇ તથા મરહુમ પીતાજી પેસતનજી મેરવાનજી તલાટી તથા કાકાના દીકરા મરહુમ શેઠ સોરાબજી નશરવાનજી તલાટીનાં પુણુને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ બમનજી બેરામજી ધનાપટેલે પોતાની દીકરી બેહેસતનશીન બાઈ બાઇ-માય તે શેઠ અરદેશર કાવશજી કામાનાં ધણીઆણીનાં પુણુને સારૂ કીધેલાં ધરમખાતે.

૨૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીએ પોતાના ધણીઆણી બાઇ મોતીબાઇની યાદગારી સારૂ કીધેલાં ધરમ ખાતે.

૭૦૦) મરહુમ શેઠ બમનજી બેહરામજી ધનાપટેલનાં પુણુને સારૂ તેવણુના વીધવા બાઇ દીનબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) શેઠ પેસતનજી ફરામજી તલાટીએ પોતાના મરહુમ બાવાજી શેઠ ફરામજી મેરવા-નજી તલાટી અને ભાઇઓ બેજનજી તથા પાલનજીના પુણુને સારૂ કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ જમશેદજી જામાસજી ઉનવાલા તે હાંગકાંગના રૂ, સુતરના દલાલનાં પુણુને સારૂ તેવણુના ભાણેજ મરહુમ ભાઇ જાહાંગીર નવરોજી કાતરકે કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ એદલજી શાપુરજી લાહેરના પુણુને સારૂ તેવણુના વીધવા બાઈ શીરીનબાઇએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ જાહાંગીરજી પેસતનજી ખરાસનાં પુણુને સારૂ તેવણુની પુંજીમાંથી કીધેલાં ધરમ ખાતે.

૨૫૦૦) મરહુમ શેઠ બેરાંમ આદર ધરા ની કંડારીએ પોતાનાં તા૦ ૧ લી જુલાઇ ૧૯૦૧ ની તેરીખના વીલમાં ફરમાવ્યા મુજબ તેવણુનાં અને તેવણુનાં બેશીઓનાં પુણુને સારૂ તેવણુનાં એકઝીકયુટર શેઠ ફરામજી હોરમજજી અરજાંનીએ ઉધાડેલાં ધરમ ખાતે.

૫૦૦) શેઠ ધનજીભાઇ દોરાબજીએ પોતાના મરહુમ બાવાજી શેઠ દોરાબજી નવરોજીની યાદગારી કાયમ રાખવા કીધેલાં ધરમ ખાતે.

૧૦૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીના પુણુને સારૂ તેવણુનાં બેશીઓએ કીધેલાં ધરમખાતે.

૧૫૦૦) બેહેસતનશીન શેઠ દોરાબજી નવરોજીની યાદગારી કાયમ રાખવા સારૂ હાંગકાંગ, કંટાનનાં જરથોસતીઓએ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ હોરમજજી નવરોજી કરંજીઆના પુણુને સારૂ તેવણુની પુંજીમાંથી તથા તેવણુના બેશીઓએ કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ હોરમજી મેરવાનજી મહેતાના પુણુને સારૂ તેવણુના વીધવા બાઇ કુંવરબાઇએ કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નવરોજીની યાદમાં એવણુના દીકરા શેઠ ધનજીભાઇએ પોતાની અને પોતાના માતાજી અને બેશીઓ તરફથી કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ નવરોજી પાલનજી કાતરકના પુણુને સારૂ તેવણુના દીકરા મરહુમ શેઠ જાહાંગીરજી નવરોજી કાતરકે કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) બેહેસતનશીન શેઠ જાંગીરજી નવરોજી કાતરકના પુણુ સારૂ એવણુની પુંજીમાંથી એવણુના માતાજી બાઇ પીરોજબાઇ નવરોજી કાતરકે કીધેલાં ધરમ ખાતે.

૩૦૦૦) શેઠ ધનજીભાઈ દોરાબજીએ પોતાનાં ધણીઆણી બાઇ ગુલબાઇની યાદગારી સાર કીધેલાં ધરમખાતે.

૫૦૦) બેહેસ્તનશીન શેઠ અરદેશર નશરવાનજી મોદીના પુણ સારૂ કીધેલાં ધરમ ખાતે.

૫૦૦) મરહુમ શેઠ બમનજી ભીમજીભાઇ બાટલીવાલાના પુણ સારૂ તેવણના દીકરાઓ રૂશતમજી, કેખશરૂ, શીયાવક્ષ તથા દીકરી બાઇ ખરશેદબાઇએ કીધેલાં ધરમખાતે.

૭૦૦) મરહુમ શેઠ સોરાબજી બેરામજી ભાભાએ પોતાના મરહુમ બપાવા કુંવરજી હોરમજી ભાભાના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.

૭૦૦) મરહુમ શેઠ અરદેશર હો. ચીનાઇનાં પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ હોરમજી ન. કુપરના પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.

૫૦૦) શેઠ પેસતનજી એ. ખંબાતાનાં પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.

૭૦૦) શેઠ કેખશરૂ અ. ચીનાઇના પુણ સારૂ તેવણની પુંજીમાંથી કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ ધનજીભાઈ દોરાબજીના પુણ સારૂ તેવણના ધણીયાણી બાઈ ગુલબાઇએ કીધેલાં ધરમખાતે.

૭૦૦) મરહુમ શેઠ ભીમજીભાઇ ફ. કાવરાનાં તથા બાઇ જીવણબાઈ ભી. કાવારાણાનાં પુણ સારૂ તેવણના દીકરાઓ ધનજીભાઈ તથા ફરામજી ભી. કાવરાનાએ કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ બાઈ દીનબાઇ વીકાજી સોલીનાના પુણ સારૂ તેવણના દીકરાઓ ફરામજી રૂસતમજી અને રતનશાહે કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ સોરાબજી નવરોજી કરંજ્યાનાં પુણ સારૂ તેવણની પુંજીમાંથી તેમજ તેવણનાં ખેશીઓએ કીધેલાં ધરમખાતે.

૫૦૦) મરહુમ શેઠ દોરાબજી નાનાભાઇ મહેતાના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.

૫૦૧) શેઠ નોશીરવાન બમનજી કરંજીઆએ પોતાનાં મરહુમ બાવા બમનજી પાલનજી કરંજીયાને નામની કનટાનમાં નવી ઇમારત નામે "બમનજી બીલડીંગ" બંધાવી તેની ખુશાલીમાં કીધેલાં ધરમખાતે.

૭૦૦) 'મરહુમ શેઠ બેહેરામજી કેખશરૂ મહેતાના પુણ સાર મરહુમના દોશતઆસનાઓએ કીધેલાં ધરમખાતે.

૧૧૯૩૦૩)૮૪

ધરમના મકાનો.

હાંગકાંગ મધે જરથોસ્તી અનજુમનના ખરચે એક જાહેર મકાન બાંધવામાં આવેલું છે જેમાં સાર અવસરે બેઠકો તથા ધરમને લગતી કીયા કામો વીગેરે કરવામાં આવે છે તેમજ એ મકાનમાં એક લાયબરેરી જરથોસ્તીઓના વપરાસ સાર છે.

મરહુમ શેઠ દોરાબજી નશરવાનજી કામાજીએ પોતાને ખરચે વામપુ મધેની જરથોસ્તી અંજુમન દસ્તકની રવાંનની જગો ઉપર એક બંગલો બંધાવી અંજુમનના વપરાસ સાર બક્ષેશ કીધો છે.

મરહુમ શેઠ ખરશેદજી શાપુરજી બનાજીની યાદગારી કાયમ રાખવા તેવણના કેટલાક દોસ્તોએ કીધેલાં ફંડમાંથી વાડી ૧ મકાઉ મધે જરથોસની અંજુમનને એનાયત કીધેલી તે કામમાં નહી આવવાથી તે વેચી તેને બદલે મકાઉ મધે વેચાતું લીધેલું પરાઆ ગરામડી ઉપરનું ઘેર ૧ છે, જેમાં જરથોસતીઓને પોતાની તબીતના સુધારા અરથે ઉતારો આપવામાં આવે છે.

લેડી માણેકબાઇ હોરમસજી ન. મોદી હાંગકાંગ મધે લાંબો વખત રહી સને ૧૮૮૬માં મુંબઇ સીધારયાં તેની યાદગારી જાલવી રાખવા હાંગકાંગની રવાનની જગા ઉપર સફેદ મારબલનો ફુવારો ૧ તથા તેને લગતું પાણીનું બાંધકામ, લોઢાંની બેઠકો તથા પથરની પાકી બાંધણીનો મેહેરાબ સાથનો લોખંડનો દરવાજો ૧ મલી સરવે પોતાના ખરચે બાંધી અંજુમનને ભેટ આપયું છે.

નામદાર વાઈસરોય સાહેબ

બહાદુરના ઓનરેબલ સરજયન જનરલ મરહુમ સર લ્યુકીસ પારડી કે. સી. એસ. આઈ., એમ. ડી. ડીરેકટર જનરલ ઓફ મેડીકલ સરવીસવાળા પ્રમુખ હતા તે સ્પેશીયલ રેડ ક્રોસ વોર હોસ્પીટલ કે જેમાં મેજર ઓનરેબલ સર એફ. સ્ટેવરટ સી. આઈ. ઇ. કલકતા તથા મેજર એ. ઇ. વાલ્ટર આઈ. એમ. એસ. જેવા મોટા નામાંકીત સરકારી ડાકટરો અને અંગ્રેજ અમલદારો વ્યવસ્થાપક છે તે હોસ્પીટલમાં, રાજા મહારાજાઓ, નવાબો, નામદાર સરકારના ધારા સભાના ઓનરેબલ મેમ્બરો, સેસન જજો, કરનલો, મેજરો, કેપટનો, ડેપ્યુટી ડીરેકટર જનરલ ઓફ પોસ્ટ ઓફીસ, નામદાર ઈન્ડીયા સરકારના કોમરસ અને ઇન્ડસ્ત્રીયલ ડીપારટમેન્ટના આસીસ્ટંટ, સરકારી સીવીલીયન ઓફીસર, પોલીટીકલ એજન્ટ, યુરોપીયન સીવીલ સરજયન, લેફટેનન્ટ આઈ. એમ. એસ., એમ. ડી.ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગ્રહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગ જાહેર દવા બહુ વપરાય છે.

બાદશાહી યાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે, પુરૂષાતન કાયમ રાખે છે, આ રાજવંશી યાકુતી વીરય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીરય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈ પણ જાતની પરેજીની જરૂર નથી.

૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ દશ.

ડા૦ કાલીદાસ મોતીરામ,

રાજકોટ—કાઠીયાવાડ.

કલકતાના જરથોસ્તી અંજુમનના ધરમનાં ફંડોની વીગત.

ટ્રસ્ટીઓ—શેઠ નવરોજી જામાસ્પજી અરજાની, શેઠ ખરશેદજી હી. મા. રૂસ્તમજી અને શેઠ એદલજી પેસતનજી ગજદર—એવોને હસ્તક નીચલાં ફંડો ચાલે છે અને તેની બાકી રકમ સને ૧૯૧૭ ના સાલની નીચે મુજબ છે:—

૨૩૧૬૮	૧૧	૯	કલકતાની જરથોસ્તી અનજુમનના ધરમનું ફંડ.
૧૬૨૧૯	૭	૪	કલકતાના દોખમાની આસપાસની તથા તેની બહારના બગીચાવાલી અંજુમનની આખી જગાપર પુરણી કરવા તથા દોખ્મામાં તથા દીવાલ વીગેરેની મરામત કરવાનું ફંડ.
૧૯૬૯૦	૬	૫	મરહુમ શેઠ રૂશતમજી કાવસજી બનાજીના ગહમબારનું ફંડ.
૧૬૪૩૨	૫	૮	શેઠ બેહરામજી જીજીભાઈ કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાનું ફંડ.
૮૫૦૦	૦	૦	સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના ધરમખાતે.
૧૦૦૦	૦	૦	બેહેસતનશીન શેઠ કાવશજી દીનશાજી પીટીટના પુણને સારૂ તેવણના છોકરાઓ શેઠો હોરમશજી, ખરશેદજી, અરદેશર તથા સોરાબજીને નામે તેઓના બપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.
૫૦૦	૦	૦	બેહેસતનશીન શેઠ મેરવાનજી કાવશજી દીનશાજી પીટીટના પુનને સારૂ તેવણના બપાવા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. ના ધરમખાતે.
૧૦૦૦	૦	૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાએ પોતાની દીકરી બેહેશતનશીન બાઇ ગુલબાનુના પુનને સારૂ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	મુંબઇવાલા શેઠ કાવશજી બેજનજી કરાણીએ મરહુમ દીકરી બાઇ જીવનાઇજી તથા તેણીના દીકરા મરહુમ શેઠ બમનજી અરદેશર મોદીના પુનને સારૂ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	મરહુમ શેઠ કાવશજી ધનજીભાઈ પાઉંવાલાના પુણ સારૂ દીકરા શેઠ સોરાબજીએ આપેલી નોટ.
૨૦૬૯૬	૧૦	૦	શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. એ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	શેઠો અરદેશરજી તથા જાંગીરજી નસરવાનજી મોદીએ પોતાના બેહેસતનશીન મુરબીજી નસરવાનજી બમનજી મોદીના પુનને સારૂ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	શેઠ કાવસજી બેજનજી દસતુરે આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના નબીરા બેહેસતનશીન શેઠ અરદેશર કાવસજી પીટીટના પુનને સારૂ કીધેલાં ધરમખાતે.
૨૫૦૦	૦	૦	હાંગકાંગ કનતાંન તથા મકાઉના જરથોસ્તી અનજુમનના ધરમખાતે.
૧૦૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના ધણીઆણી લેડી સાકરબાઇ તે મરહુમ શેઠ ફરામજી ભી. પાંડેના પુનને સારૂ કીધેલાં ધરમખાતે.
૧૫૦૦	૦	૦	શેઠ ફરામજી મ. બુમલાએ માતાજી બાઇ રતનબાઇ તે મરહુમ શેઠ મનચેરજી બુમલાખાઉના વીધવાની યાદગારી કાયમ રાખવા સારૂ કીધેલાં ધરમખાતે.
૨૦૫૦	૮	૯	ધી ઓનરેબલ સર દીનશાજી મા. પીટીટ બારોનેટ ઝોરાસ્ત્રીયન લાઇબ્રેરીનું ફંડ.
૧૨૪૯૯	૧૦	૪	સર દીનશાજી માણે. પીટીટ બારોનેટે લાઇબ્રેરીના આશ્રા માટે આપેલી નોટ.
૩૫૦૦	૦	૦	મરહુમ લેડી સાકરબાઇ દી. પીટીટ તે શેઠ ફરામજી ભીખાજી પાંડેના બેટીના પુણ સારૂ ધણી સર દી. મા. પીટીટ બારોનેટે તથા છોકરાંઓએ કીધેલાં ધરમખાતે.
૧૦૦૦	૦	૦	કલકતાના જરથોસ્તી અનજુમન તરફથી લાઇબરેરીના ફંડમાં ભરાયેલા નાણાં મધેથી લીધેલી નોટ ખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટના પુણને સારૂ તેવણની પુંજીમાંથી તેવણના વીધવા બાઇ દીનબાઇ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુંગાના બેટીએ આપેલી નોટ.
૧૦૨૬	૦	૦	બેહેસતનશીન બાઇ નવાજબાઇ તે શેઠ રતનજી પાલનજી મીસતરીના બેટીના પુનને સારૂ કીધેલાં ધરમ ખાતે.

૧૫૪૫૯	૯	૧	કલકતાના જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો બોલાવી રાખવાના અતરેની અનજુમને ઉભું કીધેલું ફંડ.
૧૦૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે કલકતાના રવાનોને અવલમંજલ પહોંચાડવા વધુ માણસો રાખવાના અંજુમને ઉભા કીધેલાં ફંડમાં આપેલી નોટ.
૫૦૯	૦	૦	બાઇ પીરોજબાઈ જમશેદજી માદને પોતાના મરહુમ માતાજી બાઇ દીનબાઇ તે ગુ૦ શેઠ નવરોજી કાવશજી મીનવાલાના ધણીઆણીના પુનને સારૂ આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	શેઠ મેરવાનજી નાનાભાઇ મેહેતાએ પોતાના બેહેસતનશીન ધણીઆણી બાઇ નાલીબાઇના પુણને સારૂ આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ રતનજી પા. મીસતરીના પુણને સારૂ તેવણુની પુંજીમાંથી તેવણુના વીધવા બાઇ ગુલબાઈ તે મરહુમ શેઠ જી. ઉ દારૂવાલાના બેટીએ આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ રૂસતમજી નવરોજી પટેલની યાદગારી કાયમ રાખવા સારૂ એવણુના વીધવા બાઇ ડોશીબાઇએ આપેલી નોટ.
૫૦૯	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માદને પોતાના મીત્ર મરહુમ શેઠ કુંવરજી બમનજી ગજદરના પુનને માટે આપેલી નોટ.
૨૩૭	૧	૯	કલકતાનાજરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાસારૂ ગાડી મંગાવીતેનુંફંડ.
૨૦૦૦	૦	૦	બેહેશતનશીન બાઈ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ધનજીભાઈ મહેતા સી. આઇ ઈ. ના ધણીઆણીના પુનને સારૂ આપેલી નોટ.
૫૦૦	૦	૦	શેઠો ફરામજીમનચેરજી તથા હીરજીભાઇમનચેરજીએ મરહુમ માતાજી બાઇ રતનબાઇ તે ગુ૦ શેઠ મનચેરજી બુમલાખાઉના ધણીઆણીના પુન સારૂ આપેલી નોટ.
૭૦૦	૦	૦	મરહુમ શેઠ માણેકજી રૂસતમજી તથા તેવણુના ધણીઆણી બાઈ સાકરબાઇ માણેકજી રૂસતમજીના પુનને સારૂ કીધેલાં ધરમખાતે.
૮૧૫	૦	૦	મરહુમ શેઠ કેખશરૂ દાદાભાઇ રૂ. બનાજીના પુણ માટે તેવણુની પુંજીમાંથી ભાઇ શેઠ ફરામજી દાદાભાઈ બનાજી તથા બેહનો બાઇ શીરીનબાઇ શેરાબજી શાતીન તથા બાઈ જરબાઇ કાવશજી માણેકજી રૂસતમજીએ આપેલી નોટ.
૫૦૦	૦	૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉએ પોતાના વહુ મરહુમ બાઇશીરીનબાઇ તે શેઠરૂસતમજી ફરામજી બુમલાખાઉના ધણીઆણીના પુન સારૂ કીધેલાં ધરમખાતે.
૮૫૭૩	૧૪	૪	મરહુમ શેઠ માણેકજી રૂસતમજી બનાજીની યાદગારી કાયમ રાખવા કલકતાની ધરમશાળાનું ખાતું.
૨૬૧૫	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માદને, બેશીઓએ તથા દોસતોએ પોતાના સગા તથા મીત્ર મરહુમ શેઠ રતનજી નવરોજી મીનવાલાના પુનને માટે આપેલી નોટ.
૫૦૦	૦	૦	શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સારૂ કીધેલાં ધરમખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુનને સારૂ ધરમશાળાને માટે કીધેલાં ધરમખાતે.
૬૭૨	૮	૩	બાઇ પીરોજબાઇ જમશેદજી માદને પોતાનાં મરહુમ ભાઈ રતનજી નવરોજી મીનવાલાની યાદમાં આપેલી નોટ.
૧૦૦૦	૦	૦	મરહુમ શેઠ દીનશાહ ભીખાજી બામજીના પુનને માટે આપેલી નોટ.
૬૩૪૨	૧૩	૯	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉ અસલ નવસારી મલેસરવાડી મોહલાના વતની તે હાલ કલકતાના રહીશે મરહુમ સખીવજુદ પરદુખભંજન મુરબીજી રૂસતમજી જમશેદજી જીજીભાઇની યાદગારી કાયમ રાખવા કીધેલાં ધરમખાતે.
૪૨૦૦	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માદને દારજીલીંગની આરામગાહની જગાના ખરચ યાને નીભાવ ફંડ માટે આપેલા રૂ૩૦૦૦ ના ધરમખાતે.
૧૦૧૫	૦	૦	શેઠ કાવસજી માણેકજી રૂશતમજી તથા એવણુની દીકરીઓ બાઇ ભીખાઇજી, ખરશેદબાઇ તથા મેહેરબાઇએ મરહુમ બાઈ જરબાઈ તે શેઠ કાવશજી માણેકજી રૂશતમજીના ધણીઆણીના પુણ સારૂ આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ હોરમશજી નશરવાનજી કુપરના પુણ સારૂ આપેલા રૂ૫૦૦ના ખાતે.
૩૧૧૦	૬	૩	બાલીઆગતાની આરામગાહની જગાપર અશો ફરોહરની આરાધના કરવાનું ફંડ.
૨૦૦૦	૦	૦	મરહુમ શેઠ કાવશજી ધનજીભાઇ ગજદરના પુણ સારૂ આપેલા રૂ૨૦૦૦ના ખાતે.
૩૦૦૦	૦	૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરના પુણ સારૂ આપેલી રૂ૩૦૦૦ની નોટ.

૨૦૦૦	૦	૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરના પુણ સારૂ આપેલી રૂ૨૦૦૦ની નોટ.
૫૦૦	૦	૦	શેઠ માણેકજી દીનશા માજુ તથા કુટુંબે મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુના પુણ સારૂ કીધેલા ધરમખાતે.
૫૦૦૦	૦	૦	મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુના પુણ સારૂ કીધેલા ધરમખાતે.
૧૦૦૦	૦	૦	મરહુમશેઠ કુવરજીદો. માજુતથાસોરાબજી દો. માજુનાપુણસારૂ કીધેલાધરમખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુની યાદગારી કાયમ રાખવા એઓના ખેશીઓએ કીધેલાં ધરમખાતે.
૧૨૨૪	૦	૦	મરહુમ શેઠ ફરામજી પેશતનજી નાલાદારૂ તથા શેઠ બેરામજી ફરામજી નાલાદારૂના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.
૬૦૦	૦	૦	શેઠ કાવશજી પાલનજી ખટાઉએ પોતાની યાદગારી રાખવા કીધેલાં ધરમખાતે.
૩૦૦૦	૦	૦	મરહુમ શેઠ કુવરજી એદલજી ગજદરના પુણ સારૂ કીધુલાં ધરમખાતે.
૬૧૨	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માડને પોતાના મીત્ર ડા૦ નશરવાનજી નવરોજી પારખના ધણીઆણી બાઇ આવાંબાઇ તે મરહુમ શેઠ સોરાબજી જીવાજી નાજરના બેટીના પુણ સારૂ કીધેલાં ધરમખાતે.
૩૧૫૨૫	૩	૧૦	મરહુમ શેઠ પેસતનજી એદલજી ગજદરની યાદગારી કાયમ રાખવાના ધરમખાતે
૨૪૩૮૩૮	૯	૬	

પોસ્ટ ખાતાંને લગતી જાણવાજોગ વીગતો.

હીંદુસ્તાનમાં કાગલો, પોસ્ટ કારડો, રેજીસ્ટર કાગલો, સેમપલો, પારસલો, વરતમાનપત્રો, બુક પોસ્ટપર મરાતાં સ્ટાંપનો દર નીચે પ્રમાણે છેઃ—

પોસ્ટ કારડ. *

	કીંમત.
એકવડો	૧ દોહોડયું.
જવાબ સાથનો	૨ દોહોડયાં.

કાગલો.

એક તોલા સુધી વજનના	...૨ દોહોડયાં.
એકથી વધુ અને દશ તોલા સુધી	...૧ આનો.
દશ તોલા ઉપરાંત બીજા દરેક દશ તોલા અથવા તેની અંદરના વજન માટે વધુ ...	...૧ આનો.

બુક પોસ્ટથી, ચોપડી છાપાન્યાં અને નમુના મોકલવા માટે.

દસ તોલા સુધી ...	...૨ દોહોડયાં
દશ તોલા ઉપરાંત બીજા દરેક દશ તોલા અથવા તેની અંદરના વજન માટે વધુ ...	...૨ દોહોડયાં

રેજીસ્ટર કરેલા વરતમાનપત્રો.

૮ તોલા સુધી ...	...૧ દોહોડયું.
૮ થી વધુ અને ૪૦ તોલા સુધી	...૨ દોહોડયાં.
તે ઉપરાંત દર ૪૦ તોલા દીઠ	...૨ દોહોડયાં.

પારસલો.

	કીંમત.
ચાલીશ તોલા સુધી ...	...૨ આના.

તે ઉપરાંતના દર ચાલીસ તોલા માટે ૨ આના વધુ તે ૪૪૦ તોલા સુધી.

૪૪૦ તોલા અથવા તેથી ઓછા વજનના કોઈપણ પારસલને રેજીસ્ટર કરાવવાની ફી ...	...૨ આના.
૪૪૦ થી ૪૮૦ તોલા સુધીના વજનના પારસલના ...	...રૂ. ૩.

તે પછીના દર ચાલીશ તોલા દીઠ ૪ આના વધુ તે ૮૦૦ તોલા સુધી પણ ૪૪૦ તોલાથી વધુ વજનનું દરેક પારસલ ફરજીયાત રેજીસ્ટર કરાવવુંજ જોઈશે અને તે માટે બે આના વધુ થશે. પારસલો માટે લવાજમ આગ ઉપરજ ભરવો જોઈશે.

કાગલો, બુક પોસ્ટ વગેરે રેજીસ્ટર કરવાની ફી ૨ આના.

રેજીસ્ટર કરેલી ચીજ હીંદુસ્તાનમાં જે ધણી ઉપર મોકલવી હોય, અને તેના હાથની સહી પોંહાચ તરીકે મોકલનાર ધણીને જોઈતી હોય તો એક આનો વધારે પડે છે.

જે કાગલ, પેકેટ યા ખાનગી બનાવટના પોસ્ટ કારડ ઉપર લવાજમ આગલથી મુદલજ ભરયો નહી હશે તો તે માટે બેવડો લવાજમ લેવામાં આવશે, તથા અધુરો ભરયો હશે તો અધુરી રકમ બેવડી માગવામાં આવશે.

ખાનગી બનાવટના ટપાલના પોસ્ટ કારડો.

* ખાનગી બનાવટનાં પોસ્ટ કારડની સરનામાવાળી બાજુએ જે કોઈ લખાણ, જાહેર ખબર વગેરે મુકવું હોય તે સરનામાવાળી બાજુના ફક્ત ડાબા હાથપરના અરધા ભાગપરજ હોવું જોઇએ અને મોકલનારના નામ અને સરનામા સિવાય જમણા હાથપરના અરધા ભાગપર કંઇપણ લખેલું છાપેલું અથવા બીજી રીતે દરશાવેલું હોવું જોઇએ નહી. એવા કારડની સરનામાવાળી બાજુને જો લખાણ વગેરે માટે ઉપયોગ કરયો હોય તો તે બાજુનો એક ઉભી લીટી દોરી એવી રીતે વીભાગ કરવો કે લીટીની જમણી બાજુએ આખી જગાનો ઓછામાં ઓછો અરધો ભાગ રહે. ખાનગી બનાવટના પોસ્ટ કારડો વધુમાં વધુ સાડાપાંચ ઇંચ લાંબા અને સાડાત્રણ ઇંચ પોહલા અને કમીમાં કમી પોણા પાંચ ઇંચ લાંબા અને ત્રણ ઇંચ પોહલા સાઇઝનાં હોવા જોઇએ અને તે સરકારી કારડો જેટલાજ જાડા હોવા જોઇએ.

સાધારણ સ્થાનીક મની ઓરડર તથા વેલ્યુ પેએબલ પોસ્ટથી જણસો મોકલવા માટેની સરકારની હકસાઇ.

હીંદુસ્તાનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે ટપાલ મારફતે નાણું વાલવા તથા વેલ્યુ પેએબલ પોસ્ટથી જણસો મોકલવા માટે નીચલા ભાવે કમીશન લેવામાં આવે છે.

પાંચ રૂપયા સુધી	૧ આનો	પંદર રૂપયા સુધી	૩ આના.
દશ રૂપયા સુધી	૨ આના.	પંદરથી વધુ અને પચીસ રૂપયા સુધી	૪ આના

રૂ. ૨૫ થી વધુ રકમોના ઓરડરો ઉપર કમીશન લેતા દર રૂપયા પચીસની આખી રકમ દીઠ ચાર આના ગણવામાં આવે છે, અને વધારાની રકમ જો પાંચ રૂપયાથી વધુ નથી હોતી તો તે ઉપર માત્ર એક આનો વધુ, દસ રૂપયા વધુ હોય છે તો તે ઉપર બે આના અને ૧૫ રૂપયા વધુ હોય છે તો તે ઉપર ત્રણ આના તથા પંદરથી વધુ માટે ચાર આના વધુ લેવામાં આવે છે. દાખલા તરીકે રૂ. ૫૫ નો મનીઓરડર મોકલવો હોય તો દર પચીસ રૂપયા પાછળ ચાર આના મળી આઠ આના અને બાકી રહેલા પાંચ રૂપયા ઉપર એક આનો વધુ લેવામાં આવે છે. જ્યારે રૂપયા ૬૦ ના મની ઓરડરપર દશ આના અને રૂપયા ૬૫ ના મની આરડરપર અગ્યાર આના પણ રૂપયા ૬૫ થી વધુ અને રૂપયા ૭૫ સુધીના મની ઓરડરપર બાર આના લેવામાં આવે છે. એકજ મની ઓરડરમાં ૧૬૦૦ થી વધુ રૂપયા લેવામાં આવતા નથી.

વેલ્યુ પેએબલ પોસ્ટ મારફતથી પારસલો, કાગળો, બુક પેકેટો, પોલીસીઓ, બીલ્ટીગો રેલવેની રસીદો, ઈત્યાદી જે ધણીને પોંહોચાડી તેની પાસેથી તેનાં નાણાં મેળવવાં હોય તો તે ઉઘરાવી આપવાનું કામ પોસ્ટ ખાતું બજાવે છે. મોકલવાની વસ્તુ ઉપર તેને જોઇતી ટપાલની ટીકીટ લગાડયા પછી અને તેની જેટલી કીંમત વસુલ કરવી હોય તેના આંકડા સાથે ટપાલખાતાંને સ્વાધીન કરયા બાદ, ટપાલ ખાતું તે વસ્તુ તે ધણીને પોંહોચાડી આંકડા પ્રમાણે તેની પાસેથી પઇસા વસુલ કરે છે અને તે પઇસા તે વસતુ મોકલનાર આસામીને લાવી આપે છે, અને તેના ઉપર પોસ્ટ ખાતું કમીશન લે છે. તે કમીશનનો દર ઉપર જણાવ્યા મુજબ મની ઓરડરના કમીશનના દરની બરાબરજ છે અને એ કમીશનના જેટલા પઇસા થાય તેટલી કીંમતની વધુ પોસ્ટની ટીકીટો મોકલવાની વસ્તુ ઉપરજ મારવી જોઇશે. જો મોકલેલી વસ્તુ લેનાર ધણી નહીં સખે તો તે મોકલનાર ધણીને પાછી પુગાડવામાં આવે છે, અને તે માટે કશું દામ લેવાતું નથી પણ તેના ઉપર ટપાલનો જે દર ભરયો હોય તે રદ થાય છે. વેલ્યુ પેએબલ માટે કાંઇબી દાવો કરવો હોય તો તે મોકલ્યાની તારીખથી ૬ મહીનાની અંદર કરવો જોઇએ, પોસ્ટ ઓફીસ એ પછી કોઇબી રીતે જોખમદાર રહેતી નથી.

તાર મારફતે મોકલવાના મનીઆરડર માટે તારના સંદેશાનો તથા હકસાઇનો દર.

હીંદુસ્તાનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે તાર મારફતે મોકલવામાં આવતો મનીઓરડર જેટલી રકમનો હોય તેટલી રકમ ઉપરનું કમીશન એક સાધારણ સ્થાનીક મની ઓરડરનું જે કમીશન હોય (ઉપર જણાવવા મુજબ) તે પરમાણે લેવામાં આવે છે. તે ઉપરાંત તારનો વધુ લવાજમબી લેવામા આવશે. તે એમ કે તારના સંદેશામાં જેટલા શબ્દો મોકલવા લખ્યા હોય તેટલા શબ્દો ગણીને જો તારનો સંદેશો એક્ષપરેસ હોય તો તેના હીસાબે અને ઓરડીનરી હોય તો તે પરમાણે લવાજમ લેવામાં આવે છે.

ઉપલા તારના સંદેશામાં મની ઓરડર મોકલનાર આસામી પોતા તરફનો ખાનગી સંદેશો પણ તેવા તારમાં ઉમેરી શકશે અને તેવા વધારાના શબ્દો માટે તે એક્ષપરેસ તાર હોય તો શબ્દ દીઠ બે આના અને ઓરડીનરી હોય તો શબ્દ દીઠ એક આનાનો વધારાનો દર લેવામાં આવે છે.

કોઇપણ એક મની ઓરડર રૂ૬૦૦ થી વધારેનો સ્વીકારવામાં નથી આવતો અને એક રૂપયાથી ઓછી રકમ સ્વીકારવામાં આવશે નહીં.

વીજળીક તારને લગતી જાણવાજોગ વીગતો.

સરવે તારો "સ્ટાનડર્ડ" વખત પ્રમાણે નોંધી લીધામાં આવશે, જે વખત હીંદમાં ગ્રીનીચના વખત કરતાં સાડા પાંચ કલાક આગળ, તથા મદ્રાસ વખત કરતાં નવ મીનીટ આગળ છે. બરમાહમાં ગ્રીનીચના વખત કરતાં સાડા ૭ કલાક આગળ, અને હીંદના 'સ્ટાનડરડ' વખત કરતાં એક કલાક આગળ છે.

તાર અંગ્રેજી કે દેશી, કોઇપણ ભાષામાં મોકલી શકાય છે પણ તેનું લખાણ તો અંગ્રેજી અક્ષરોએજ કરવું જોઇએ. તાર બહુજ ખોલ્લા અક્ષરે લખવો જોઇએ, કે જેથી ભુલચુક થવાનો સંભવ રહે નહીં. તાર મેલવામાં કાંઇપણ ભુલચુક, ઢીલ વગેરે તાર ખાતું વટીક કરે તો તેનો જોખમ લેનાર તથા મોકલનારનેજ માથે છે. જે મથક ખાતે તાર મુકયો હોય ત્યાંની તાર ઓફીસથી પાંચ માઈલ સુધીની હદમાં સઘળા સંદેશા તારખાતું પોતાના માણુસ જોડે પોંહોંચાડી આપે છે પણ તેથી દુરની હદના સંદેશા ટપાલ મારફતે મોકલે છે. તેવી દુરની જગાએ મોકલેલા "એક્ષપ્રેસ" અથવા "ઓરડીનરી" સંદેશા, જો મોકલનાર તેને લગતો ખરચ આપે તો, તાર ખાતું ખાસ ખેપયા કે બીજી ગોઠવણથી પુગાડે છે. મોકલનારની મરજી હોય તો સંદેશા પરબીડામાં બીડયા વગરના ખોલ્લા તાર આફીસ પુગાડે છે કે જો લેનાર ધણી તે લેવાને ના પાડે છતાં તેની મતલબથી વાકેફ થાય. જ્યારે એક સંદેશો કોઈ પણ કારણથી ઘટતે ઠેકાણે પુગી શકતો નથી ત્યારે મોકલનાર ધણીને તે બાબેની ખબર આપવામાં આવે છે. તાર ઓફીસમાં એક સંદેશો આપ્યા પછી તે ઘટતે ઠેકાણે મોકલાતો અટકાવી શકાય છે પણ જો સંદેશા ઉપરની તારની ટીકીટ સ્ટાંપ મારયાથી રદ થઇ હોય તો તેના પઇસા પાછા આપવામાં આવતા નથી. તાર ઓફીસમાંથી જો સંદેશો રવાના થઇ ચુકેલો હોય છે, તે રદ કરવા માટે બીજો તારનો સંદેશો મેલવો પડે છે. તાર મુકનાર તથા પોહોંચાડનાર ઓફીસમાં ૭૨ કલાક સુધી તારની નકલ રહે છે. તે પછી એ નકલો કલકતે "ચેક ઓફીસ" માં જાય છે જયાં ચાર માસ સુધી તે રાખવામાં આવે છે. તાર મેલનાર અને લેનાર ધણીને દર ૧૦૦ શબ્દો દીઠ ચાર આના લઇ તેની નકલ આપવામાં આવે છે. વલી તારનો જવાબ મેળવવા માટે બી રીપલાઇ ટેલીગ્રામ મોકલી શકાય છે, તેની સમજણ એવી છે કે, જેવી જાતનાં તારમાં જવાબ મંગાવવો હોય તે પ્રમાણે પઇસા આગલથી તાર આફીસમાં લેવામાં આવે છે અને તે વીશેની ચેતવણી તાર લેનાર ધણીને તારની સાથેજ આપવામાં આવે છે. જો લેનાર ધણી ઉતર નહી મોકલે તો ભરેલા પઇસા તે લેનારનેજ રોકડા પાછા આપવામાં આવે છે.

હીંદુસ્તાનમાં એક શેહેરથી બીજે શેહર મોકલવા માટેના તારના સંદેશાના દરો.

તાકીદના (એક્ષપ્રેસ) સંદેશા—સરનામા સહીત બાર શબ્દો માટે દોઢ રૂપયો અને તે ઉપરના દરેક વધારાના શબ્દ દીઠ બે આના વધુ લેવામાં આવશે.

સાધારણ ઓરડીનરી સંદેશા—સરનામા સહીત બાર શબ્દો માટે બાર આના અને તે ઉપરના દરેક વધારાના શબ્દ માટે એક આનો વધુ લીધામાં આવશે.

ઓરડીનરી કલાસના તારો રવીવાર અને તહેવારના દીવસોએ લેવામાં આવતા નથી.

વરતમાનપત્રો માટેના ખાસ દર નીચે મુજબ છે.

તાકીદના (એક્ષપ્રેસ) શંદેશા—ઉડતાળીસ શબ્દો માટે એક રૂપયો અને તે ઉપરાંતના દર ૭ શબ્દો દીઠ બે આના વધારે અને સરનામું મુફત લેવામાં આવશે.

સાધારણ (ઓરડીનરી) સંદેશા—ઉડતાળીસ શબ્દો માટે આઠ આના અને તે ઉપરાંતના દર ૭ શબ્દો દીઠ એક આનો વધારે અને સરનામાના શબ્દો મુફત લેવામાં આવશે.

વરતમાનપત્રો માટેનો એક સંદેશો એકજ મથકનાં ગમે તેટલાં વરતમાન પત્રોને પોંહોચાડવામાં આવે તોપણ તે ઉપર એકજ વખતનો દર અને નકલ કરવાનો સો શબ્દો દીઠ ચાર આના લેખે લવાજમ પડે છે.

યુરોપમાં ચાલતી લડાઈમાં પારસીઓએ આપેલી મદદને લગતી વીગતો.

નામદાર બ્રીટીશ સરકાર તા૦ ૪ થી આગસ્ટ ૧૯૧૪ ના દીવસથી યુરોપમાં ચાલતી ભયંકર લડાઇમાં જોડાયા હતા અને એ વખતથીજ પારસી કોમે લડાઇના મેદાનમાં સારી સેવાએ બજાવી નામદાર બ્રીટીશ સરકાર તરફ પોતાની વફાદારી દેખાડી કીમતી મદદો આપતા રહયા છે. લડાઇ માટે આ વરસે કાઢેલા બીજા વેર બોંડો ખરીદી પારસીઓએ સારો ફાળો આપ્યો છે.

લડાઇમાં અશક્ત અને ઘાયલ થયલા સીપાઇઓ માટે સુખસગવડની ચીજો પુરી પાડવાને ફંડ ઉઘાડી ૧૯૧૭ ની તા૦ ૧૨ મી દીસેમબરનો દીવસ "અવર ડે" તરીકે આખા હીંદુસ્થાનના તમામ નાનાં મોટાં શહેરોમાં પાળી એક જાહેર તેહવાર તરીકે સઘળે ઠેકાણે રમતગમતોના મેલાવડાઓ કરી પસાર કરવામાં આવ્યો હતો. મુંબઇમાં એ દીવસ ઘણો ધામધુમથી ઉજવવી સ્કુલો વગેરે ઠેકાણે રમતગમતના મેળાવડાઓ કીધા હતા. રાતે બોંબે જીમખાના ગ્રાઉંડ ઉપર બળતી મસાલ સાથના સરઘસ કાઢી લશકરી અખાડો થયો હતો અને એને લગતું પ્રદરશન ટાઉનહાલમાં ઘણા દીવસો સુધી ભરાયું હતું.

યુરોપની ચાલતી લડાઇમાં ફતેહ મેળવવા અને બ્રીટીશ શહેનશાહતની કોશીશમાં પરવરદેગારની યારી માંગવાને બંદગી કરવા સારૂ નામદાર શહેનશાહ જ્યોરજે તા૦ ૬ ઠી જાનેવારી ૧૯૧૮નો દીવસ ઠરાવ્યો હતો. એ શહેનશાહી ફરમાનને અનુસરીને શહેનશાહતના સઘળા ભાગોમાં એ દીને સઘળી કોમવાળાઓએ પોતાની એબાદતગાહોમાં બંદગી કરી હતી. તે મુજબ મુંબઇની પારસી પંચાયતના માનવંત ટ્રસ્ટી સાહેબોના હુકમથી જરથોસ્તી બાનુઓ તથા ગ્રહસ્થો મોટી સંખ્યામાં અંજુમનના આતશબેહેરામમાં ભેગી બંદગી કરવા માટે એકઠાં મળ્યાં હતાં. શરૂઆતમાં દસ્તુરજી મીનોચેરજી જામાસપજી જામાસપઆશાનાની આગેવાની હેઠળ જશનની ક્રીયા કરવા બાદ દસ્તુરજી મીનોચેરજીએ એક પ્રસંગોપાત વાયઝ કરી બ્રીટીશોને ફતેહફીરોઝી મળે એવી દુવા ગુજારી હતી. પારસી કોમ તરફથી એક સંદેશો નામદાર સર જમશેદજી જીજીભાઇ બારોનેટ મારફતે મોકલી આપવામાં આવ્યો હતો. વળી મુંબઇમાં શેઠો વાહાડયાજીના, દાદીશેઠના તથા બનાજીના આતશબેહરામોમાં તથા બીજી દરેહમેહરોમાં બંદગી કરવામાં આવી હતી. અહમદનગર, ઉદવાડા, અમદાવાદ, કરાંચી વગેરે હીંદના જુદા જુદા શેહેરોમાં ત્યાંની જરથોસ્તી અંજુમનોએ ભેગા મળી બંદગી કરી હતી.

યુરોપની હાલની ખુનખાર લડાઇને તા૦ ૪ થી આગસ્ટે ચાર વરસ પુરાં થઇ પાંચમુ વરસ બેઠું હતું અને આપણી બહાદુર બ્રીટીશ શેહનશાહ તેમજ મીત્રો રાજ્યોને કીરતીવંત ફતેહ જલદી મળે અને સઘળે સુલેહ તથા શાંતી પથરાય તે ઇચછવા માટે આખી બ્રીટીશ શેહેનશાહતમાં સર્વે કોમો તરફથી બંદગી કરી દુવા ગુજારવામાં આવી હતી. એ મુજબ તા૦ ૪ થી આગસ્ટ ને રવીવારને દીવસે સાંજે શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં મુંબઇની પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોના હુકમથી પારસી જરથોસ્તી અંજુમનની એક મોટી મીજલસ ભેગી મલી હતી. શરૂઆતમાં દુવા ગુજારનારી બંદગી કરવા પછી સમસુલ ઓલમા દસ્તુર દારાબ પેશોતન સંજાણાએ પ્રસંગોપાત વાયઝ કરી હતી અને પારસી કોમ તરફથી એક સંદેશો નામદાર ગવરનર ઉપર રવાના કરવામાં આવ્યો હતો. એજ દીને પુણા, સુરત, અમદાવાદ વગેરે ઘણા દેશાવરો તથા ગામો ખાતે જરથોસ્તી કોમ તરફથી બંદગી કરવામાં આવી હતી.

હીંદી લશકરના અમલદારોને બહાદુરી ભરેલી ફરજ બજાવવા માટે ખેતાબોની નવાજેશ કરવામાં આવી હતી, તેમાં નીચલા પારસીઓનેબી માન મલ્યું હતું:—લેફટનંટ કે. એસ. માસ્તર આઇ. એમ. એસ. ને બ્રીટીશ મીલીટરી ક્રોસ અને કામચલાઉ લેફટનંટ રતનશાહ નરીમાન કાપડયા આઇ. એમ. એસ. ને ફ્રેંચ વોર ક્રોસ એનાયત કરવામાં આવ્યો હતો. હીંદી લશકર

માટેની મુંબઇની મરીનલાઈનસ વોર હાસપીટલવાળા કેપટન સોરાબ કેખશરૂ એનજીનીયર આઇ. એમ. એસ. તથા દાદર લેબરકોર હાસપીટલવાલા લેફટનંટ કેખશરૂ સોરાબજી પટેલ આઇ. એમ. એસ. ને લડાઇને લગતાં કામ માટે સેંટ જોન એમબ્યુલનસ એસોસીએશનની હીંદી કાઉનસીલ તરફથી વોરએજ એનાયત કરવામાં આવ્યો હતો.

ડા૦ જમશેદજી નશરવાનજી ડગન, ડા૦ મનચેરશાહ ધનજીભાઇ દા. ગીલડર એમ. ડી., એફ. આર. સી. એસ. અને ડા૦ અરદેશર કાયાજી કંત્રાકટર એમ. ડી. ને ઇનડીઅન મેડીકલ સરવીસમાં કામચલાઉ મેજરની પદવી, કામચલાઉ સરજ્યન લેફટનંટ એસ. સી. કોનટ્રેકટર આઇ. એમ. એસ. ને સરજ્યન કેપટનની અને ડા૦ એફ. એન. કાપડીઆ એમ. ડી. ને કામચલાઉ ઓનરરી કેપટનની પદવી આપવામાં આવી હતી.

નીચલા જરથોસ્તી ડાકટરોને ઈંડીયન મેડીકલ સરવીસમાં દાખલ કરી તેઓને કામચલાઉ લેફટનંટની પદવી આપવામાં આવી હતી અને લડાઇના મેદાનમાં યા જરૂર પડે ત્યાં રાખવામાં આવ્યા હતાઃ— ડાકટરો દારા હોરમજી કા. ભરૂચા, જાહાંગીર હોરમસજી કલારક, હોરમજી એદલજી પીપવાળા, માણેકજી સોરાબજી મોદી, કેખશરો રૂસ્તમજી દલાલ, મીનોચેર સી. લંગરાના, મેરવાનજી દીનશાહ પ્રીંટર, બેરામજી પેસતનજી સગાવાળા, માણેક નશરવાનજી દુબાશ અને જમશેદ એદલજી ફ્રેંચમેન.

સરજ્યન લેફટનંટ ફરામરોજ ખરશેદજી દેશાઇ આઇ. એમ. એસ. ૩૫ વરસની વયે રોજ ૨૮ મો માહા ૨ જા ને દીને પેશાવર ખાતે મરણ પામયા હતા. ડા૦ ફરામરોઝો કરાંચી મધેથી લેફટનંટનું કમીશન અકટોબર ૧૯૧૬ માં મલ્યું હતું અને એવણની શીઆલકોટ બદલી થઇ હતી ને ત્યાંથી રાવલપીંડી ને બુરહાન ખાતે બદલી કરવામાં આવી હતી. વઝીરસતાન અને તેનકમાં લડાઇ ચાલતી હતી તે દરમયાન એવણ લડાઇના મેદાનમાં એકટીવ સરવીસમાં હતા અને સખત ગરમીને લીધે લુ લાગવાથી ત્યાંની હાસપીટલમાં રહ્યા હતા તે વખતે પેશાવર બદલી થઇ અને એવણની આગલી નબળી તબીયતમાં તાવ પાછો લાગુ પડી અને રૂમેટીઝમ થઇને હાર્ટ ફેલ થવાથી હક થયા હતા. તેજ દીવસે સાંજના ત્યાંના જરથોસ્તીઓએ તેવંગુને ઘટતી ક્રીયા કરી ભુમીદાહ કરયા હતા. મરહુમે સરકારની તારીફલાયક સેવા બજાવી હતી.

હાલની મહાન લડાઇમાં જુદા જુદા દેશોએ કયારે લડાઇ જાહેર કીધી તે નીચલી ટીપ ઉપરથી માલમ પડશેઃ—

ઓસ્ટ્રીઆ-હંગેરી—તા૦ ૨૮ મી જુલાઇ ૧૯૧૪.
સરબીઆ—તા૦ ૨૮ મી જુલાઇ ૧૯૧૪.
જરમની—તા૦ ૧ લી આગસ્ટ ૧૯૧૪.
રસીઆ—તા૦ ૧ લી આગસ્ટ ૧૯૧૪.
ફ્રાંસ—તા૦ ૩ જી આગસ્ટ ૧૯૧૪.
બેલજીયમ—તા૦ ૩ જી આગસ્ટ ૧૯૧૪.
ગ્રેટ બ્રીટન—તા૦ ૪ થી આગસ્ટ ૧૯૧૪.
સરવીયા—તા૦ ૬ ઠી આગસ્ટ ૧૯૧૪.
મોનટીનીગ્રો—તા૦ ૯ મી આગસ્ટ ૧૯૧૪.
જાપાન—તા૦ ૨૩ મી આગસ્ટ ૧૯૧૪.
ટરકી—તા૦ ૧ લી નવેમબર ૧૯૧૪.
ઇટલી—તા૦ ૨૩ મી મે ૧૯૧૫.
બલગેરીઆ—તા૦ ૧૪ મી અકટોબર ૧૯૧૫.
પોરટુગલ—તા૦ ૯ મી મારચ ૧૯૧૬.
રૂમાનયા—તા૦ ૨૭ મી આગસ્ટ ૧૯૧૬.
યુનાઇટેડ સ્ટેટસ—તા૦ ૬ ઠી આગસ્ટ ૧૯૧૭.
ક્યુબા—તા૦ ૭ મી એપ્રીલ ૧૯૧૭.
પનામા—તા૦ ૧૦ મી એપ્રીલ ૧૯૧૭.
લીબેરીઆ—તા૦ ૨૨ મી જુલાઇ ૧૯૧૭.
ગ્રીસ—તા૦ ૨૯ મી જુલાઇ ૧૯૧૭.
ચીન—તા૦ ૧૪ મી ઓગસ્ટ ૧૯૧૭.
બ્રેઝીલ—તા૦ ૨૬ મી અકટોબર ૧૯૧૭.
ગોટેમાલા—તા૦ ૨૩ મી એપ્રીલ ૧૯૧૮.

નીચલા દેશોએ જરમની સાથનો રાજદ્વારી વહેવાર તોડી નાંખ્યો છેઃ—બોલીવીયા, હોનડુરાઝ, નીકારાગુઆ, હયાતી, સાંટોડોમીંગો, કોસ્ટારીકા, પીરૂ, ઉરૂગુઇ અને ઈકવેડોર.

તમો પણ એવાં પત્રો લખશો.



જ્યારે ડા૦ **સર રબીનદરાનાથ** અને બીજા નામાંકીત પુરૂશો તરફનાં કાગળો તમો વાંચશો કે જેમાં તેઓએ **કુનટાલીન** માટે એટલી તો મોટી તારીફ કરી છે કે તેઓએ એમ કાંય લખ્યું હશે તે માટે તમો પોતે અચરત બનયા વગર રહેશો નહીં. જયારે તમો **કુનટાલીન** વાપરવા માંડશો ત્યારે તે નબળાં પડી ગયલાં બાળના પોતાઓને પોશણ આપે છે, તમો તમારા બાળની આગલી ચળકાટ



પાછી મેળવશો તો પછી **કુનટાલીને** તમોને કેટલો બધો ફાયદો કરી આપયો છે તે તમો તમારા મીત્રોને

શું નહીં જણાવશો ?

મી૦ દી. ઇ. વાછા, મુંબઈ લખે છે કઃ—મારાં કુટુંબના બાનુંઓએ મી૦ એચ. બોઝ તરફનું બાળનું તેલ કુનટાલીન વાપડયું છે અને તે ઘણું સુંદર અને બીજી બનાવટોને મળતુ આવતું છે.

સર રબીનદરાનાથ ટાગોર લખે છે કે અમો તમારૂં કુનટાલીન બે મહીના થયા વાપરયે છીયે. પહેલા મારા સગાનાં બાળ ખરી જતા હતા પણ તમારૂં તેલ વાપડવા પછી એક મહીનામાં નવા બાળ ઉગી નીકળયા છે. તેલ સુગંધી છે અને સુગંધ ચાલુ રહેછે.

ઓ૦ સર વીઠલદાસ દામોદર ઠાકરશી લખે છે કે મેં કુનટાલીન વાપડયું છે અને તે ઉમદા ગુણો ધરાવે છે.

મી૦ એન. ડી. ગાય બેરીસ્ટર લખે છે કે મેં કુનટાલીન વાપડયું છે અને તે યુરોપીયન બનાવટને મળતું છે.

સ્વીટ રૂ૧, લીલી રૂ૧॥, રોઝ એન્ડ જેસમીન રૂ૨, તથા વાયોલેટ રૂ૨॥

વેચનારાઓ—ધી બોંબે સવદેશી કોઓપરેટીવ સટોરસ લી૦

મુંબઇ અને પુના.

બીજાં શેહેરો માટે એજંટો જોઇએ છે.

PERFUMER,
60- BORA BAZAR,

CALCUTTA EP.
Telegram **DELKLOD.**

સંધીવા અને ગાઉટના દરદો સાજા કરી જનમ ભરની
ખોદમાંથી મુકત કરનાર

ગાઉટી રીયુમં શાસ્ત્રી

માણુસ જાતને થતા દુખ દરદોમાં, નહી ખમી શકાએ એવા દરદ લેખે, અને જેનો ઉપાએ કે ઇલાજ નહીજ મલી શકે એવા દરડ તરીકે, સંધીવાના દરદો ગણાયલા છે. એ દુખ જાતે અનુભવનારાનો તો જીવજ જાણે છે, મગર નજરે જોનારને પણ કંપારી છુતે છે.

એવા બીકત અને હઠીલા દરદોનો એખલો અને

રામબાણ ઇલાજ

ગાઉટી રીયુમ શાસ્ત્રી છે.

એ તેલ વા, પેનમારતો વા, તમામ જાતનો સંધીવા, નજલા રૂપી વા, સાએટીકા, ગાઉટ, ઝઝની, કરતલ, આંકરાં, નેસોનો ખેંચાવો, કમર, છાતી, સાંધા, હાડકા, અને ગરદનનું દુખવું, બરડાની ફાટ, બચ્ચાંઓના નબલા પડેલા પગો, ગુઠણનો સોજો, સુજેલા તથા ગંઠઇ ગયલા સાંધા અને હાડકા, અકરસાત, લમબેગો, લકવો, લચક, ચસક, વીગેરે, તમામ જાતના શરીરના જુના દુખારાને ઝટપટ સાજા કરી, નબલા પડેલા અવયવોને તાકાદ બક્ષી, લોહી ફરતું કરી નવી જીંદગી બખશવી એ આ તેલનાં ખાસ ગુણો છે.

કીંમત ફકત રૂપીઆ એક—સર્વ જાણીતા દવાના વેપારીઓ વેચે છે.

બાહારગાંમ વાલાઓએ નવસારી લખવું.

માલેક—એમ. એચ. શાસ્ત્રી,

હેડ આફીસ-દારઠી સ્ટ્રીટ,

નવસારી.

M. S. Kheswala & Sons,

MILL & GIN STORE SUPPLIERS AND GENERAL MERCHANTS

No. 2-4 Bruce Lane, Fort.

I keep in stock for ready delivery all articles of Mill stores, such as :—Townsends patent Chl. of Magnesia-Muriate of Zinc, Lion brand China-clay, Farina, French Chalk. Epsom and Glauber Salts Gloy, Reeds, Healds & all spare parts for Weaving and Spinning departments. Also best kinds of Rubber goods skins-Bandings Belting-Packings of all kinds Hair Belting-Shuttles-Pickers. Oils & all articles generally used in spinning & weaving departments.

Trial orders solicited. All goods guaranteed best quality.

Sole Agents for Messrs Geo. Thompson & Sons, Leather Belting Peacock & safe Brand.

એમ. એસ. ખેસવાલા એન્ડ સન્સ,

સુતરની મીલોને લગતો સરવે જાતનો સામાન પુરો પાડનારા,

જનરલ મરચ્યંટસ તથા કમીશન એજંટસ.

નંબર–૨–૪ બુરૂસ લેન, કોટ.

અમારે ત્યાં નીચે લખેલી સઘલી ચીજો હુમેશા તઇયાર રાખવામાં આવે છે, જેવો કે ટાઉનસેન્ડ પેટન્ટનો સાઇઝીંગનો સઘલો સામાન જેવો કે ચાઇનાકલે–મેગનીશીયા–મ્યુર સોલીડઝીંક–સીંહ છાપની ફરીના–એપશમ તથા ગલોબર સોલ્ટ ગ્લોય–રીડસ–હીલડસ ફરેનચ ચોક તેલ–નરમ ઉંચા કવોલીટીના રબર તથા રબરની પેકીંગ–બોબીનો–રોલર સ્કીન રૂસીઅન ટેલો–રીંગ–ત્રાવેલરસ હીલ્ડ વારનીશ–અમેરીકન તથા ઇજીપશીઅન બેન્ડીંગો–રોલર કલીઅરર તથા વોશર કલોથ–સાઇઝીંગ ફલાનલ–ફ્રીકશનલેશ પેકીંગ–ઇનવીનસીબલ તથા બ્રાઉન એોકટેન્ડ પીકીંગ બેન્ડસ–કોટન તથા હેઅર બેલ્ટીંગ ડબલ તથા સીંગલ પટા–કેસીંગ તથા બ્લુ પેપર–લુમને લગતી દરેક જાતની સ્પીંગો–શટલ–બોબીના પેટન્ટ પીકરસ દરેક જાતની શીલ્ટ, ટુંકમાં મીલને લગતો દરેક જાતનો સામાન ઘણુજ કીફાએત ભાવે મલશે. તેમજ શીલીન્ડર તેલ–સ્પીન્ડલ તેલ–જીન ઓઇલ વગેરે જાતનાં તેલો હુમેશા તઇયાર રહે છે.

એકવાર માલ મંગાવી ખાત્રી કરવાની મેહેરબાની કરવી. જુનું સાંચાકામ કીફાએત ભાવે ખરીદી તથા વેચી આપશું. સરવે માલ માટે સઉથી ઉંચાની ખાત્રી આપવામાં આવશે.

ડા૦ રૂ. એ. હકીમના અકસીર ઇલાજો.

શીરપ ઉશબા.

સુધ દેશી વનસપતીમાંથી બનાવેલો જેને માટે સરકારી વડા રસાયણ શાસ્ત્રીએ સરટીફીકેટ આપી છે.

લોહી સુધારનાર, પેટની કબજીઆત દુર કરનાર, ભુખ વધારનાર, ધાતુપુષ્ટ અને ખોરાક હજમ કરનારી દવા છે. લાંબી માંદગીથી ગયલી શકતી પાછી લાવે છે. લોહીના બીગાડથી અનેક દરદો લાગુ પડે છે. જેવાં કે ફુલ્લા, ફદફી ચાઠાં શરીર ઉપર ફુટી નીકળે છે તે, કંઠમાલા, નાસુર, ગાંઠ, ખુજલી તથા સરવે પ્રકારનાં ગરમીનાં જખમ તથા એને લગતાં દરદો, સાંધાનું રહી જવું, કલતર લીવરને લગતાં દરદો, ચાલુ બદહજમી, ઓરતોનાં દરદો, મગજની થાકથી થતી નબળાઇ એ સરવે બીમારી માટે **શીરપ ઉશબા** રામબાણ ઇલાજ છે. વાપરવાની રીત શીશી સાથે છે.

બાટલીની કીંમત રૂ. ૧.

જવારીશે રૂશતમી.

વીરય વરધક તથા શકતીને માટે અકસીર ઇલાજ.

કોઇ પણ રીતની નબળાઇથી ધાતુનું જવું, કમતાકાતી, ગુરદા તથા છાતીના દરદો, કલવાનુ દરદ, માથાંનો ચાલુ દુખાવો, ચકરી, અભ્યાસ કરવાથી આંખની નબળાઇ, પીશાબનું વારંવાર થવું, પાચનશકતીમાં થતો બીગાડો, ગરમીનાં દરદથી થતો લોહીનો બીગાડો, સાંધાનો દુખાવો, કળતર નજલો સંધીવા, કંમરનો દુખાવો વગેરે મરદ તથા ઓરતને એક શરખો ફાયદો કરે છે. એ પાખ, **નબળા** માણસોને માટે એક ઉત્તમ ચીજ છે. દરેક પ્રકારની નબળાઇ માટે રામબાણ ઇલાજ છે. સેંકડો બીમારોને ફાયદો થયો છે. ખાવાની રીત પાખની ડબી સાથે છે. **કીંમત રૂ. ૧ તથા ૨.**

હકીમની ગરમીના રોગની દવા.

પીશાબના કોઇપણ જાતના દરદ તેમજ ગરમીના રોગથી અથવા તો ખરાબ સંગતથી થતા વેહેતાં દરદને તથા તેમાં થતી અનેક વેદનાઓ ફક્ત સેહેજ વખતમાં નાબુદ કરે છે અને એ દવા મરદ તથા ઓરતને બંનેને એકસરખો ફાયદો કરે છે. કીંમત શીશી ૧ નો રૂ. ૧.

હરસ તથા મસાને માટે ખાસ થંડો મલમ.

આએ મલમથી હરસ તથા મસામાંથી પડતું લોહી બંધ કરી, સફરામાં પડેલા ચીરાને રૂઝવી અકરસાત તથા સોજો નરમ પાડી હરસ તથા મસાને જડથી નાબુદ કરે છે કીંમત શીશી ૧ ના રૂ. ૩.

ડા૦ આર. ઇ. હકીમસ નરવાઇન ટોનીક પીલસ, ધાતુ પુષ્ટની ગોળીઓ.

આ પ્રખ્યાત બીન હરીફાઇથી વખણાતી ટોનીક પીલ્સ જલદી વીજળીની માફક તન તથા મનને શકતી આપે છે. એના ગુણો અદભુત છે. નબળી થયલી પાચનશકતીને તેજસ્વી કરે છે, સારી ભુખ લગાડે છે લોહી સુધારે છે હરકોઇ કીશમની નબલાઇને દુર કરે છે. કુટેવથી કે બુરા રોગથી થયલી નાકકતીને હાંકી કહાડે છે ધાતુને પુસ્ટ બનાવી સુધારે છે અને ગયલી શકતી પાછી આપીને દરદોને નીરોગી અને શકતીવાલો ટુંક સમયમાં બનાવે છે. વાપરવાની રીત ડબી સાથે આપેલી છે.

૪૦ ગોળીની ડબીની કીંમત રૂ. ૧.

દરાજ તથા કીડને માટે અકસીર મલમ.

દરાજ, કીડ, ખરપસુ તથા એવાંજ ચામડીનાં દરદોને જડમુળથી નાબુદ કરે છે.

કીંમત શીશી ૧ ના આના ૪.

હકીમ "ડેનટીફ્રીસ" સુગંધી દાંતનું મંજન.

દાંતને મોતી જેવા સાફ કરી, થતો દુખાવો નરમ પાડી મજબુતી આપે છે જે વાપરવાથી ખાત્રી થશે. **કીંમત ૮ આના.**

હરસ, મસા, નાસુર, ભગંદર, પાથા, કંઠમાલા તથા શરીર ઉપરના બીકટ રદો ફક્ત યુનાની ઇલાજોથી સારા કરવામાં આવે છે.

SUN INSURANCE OFFICE.

FOUNDED 1710.

સન ઇન્સુરન્સ ઑફીસ.

સ્થાપી ૧૭૧૦માં

વડી ઓફીસઃ—૬૩, થ્રેડનીડલ સ્ટ્રીટ, લંડન ઇ. સી.

૧૯૧૭ ની કુલે આવક ... ... પાઉંડ ૧૯,૬૯,૮૭૨ રૂ. ૨,૯૫,૪૮,૦૮૦

તા૦ ૩૧ મી ડીસેમ્બર ૧૯૦૭ સુધીમાં	પાઉંડ	૨૬,૪૪,૨૩૫.
	રૂપીઆ	૩,૯૬,૬૩,૫૨૫.
તા૦ ૩૧ મી ડીસેમ્બર ૧૯૧૭ સુધીમાં	પાઉંડ	૩૩,૫૭,૧૪૯.
	રૂપીઆ	૫,૦૩,૫૭,૨૩૫

ડીરેકટરોઃ—

માર્લબોરો રોબર્ટ પ્રઓર, એસ્કવાયર,—ચેરમેન.

ધી ઓનરેબલ સર વીલીઅમ હેનરી ગોસચેન કે. બી. ઇ. ડેપ્યુટી ચેરમેન.

ફરાંક ચેપલીન, એસ્કવાયર.
એડવરડ ડેન્ટ, એસ્કવાયર.
ધી રાઇટ ઓ. લોર્ડ ફેબર.
આલફ્રેડ ફરકુહર, એસ્કવાયર.
એડવરડ ચારલસ ગ્રેનફેલ એસ્કવાયર.
ધી મોસ્ટ ઓનરેબલ મારકવીસ ઓફ લંડન-
ડેરી, એમ. વી. ઓ.

ધી ઓનરેબલ એલગરન એચ. મીલસ.
રેનાલ્ડ સી. સ્કોટ મરે, એસ્કવાયર.
લોરડ હેનરી જી. આર. નેવીલ.
ધી ઓનરેબલ ચારલસ એલ. સ્કલેટર-બુથ.
લોરડ હરબર્ટ સ્કોટ, સી. એમ. જી., ડી. એસ. ઓ.
ચારલસ ડબલ્યુ. તોમકીનસન. એસ્કવાયર.

જ્યોરજ ઇ. મીડ,
મેનેજર અને સેક્રેટરી

એફ. એચ. મેલરસ. | **એફ. વાઇટ.** } સબ મેનેજરો અને એસીસટન્ટ સેક્રેટરીઓ

કરીમભાઈ ઇબરાહીમ એન્ડ સન્સ લીમીટેડ,

એજન્ટો,

૧૧૩, એસ્પલેનેડ રોડ, રાજાબાઇ ટાવર સામે, કોટ,—મુંબઈ.

આગના દરેક જાતના વીમા મધ્યમ દરે ઉતારવામાં આવે છે.

કબીર વાણી.

મહાત્મા કબીરજીનાં ૯૦૦ ચુંટી કાઢેલાં પદો તેના અર્થ સાથે,
તેમજ કબીરજીનાં ત્રીસ જંત્રો, પરચુટણ ત્રીસ ભજનો અને
કબીરજીની જીંદગીનો ટુંક વૃતાંત.

કબીરજીની રંગીન તસ્વીર પુસ્તકની શરૂઆતમાં આપી છે.

જાણીતા વકતા **મી૦ જેહાંગીર જમશેદજી વીમાદલાલે** આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે, જેમાં તેઓ જણાવે છે કે:—

"આ **કબીર વાણીનું** પુસ્તક જેઓ કોઈ જ્યારેઓ ઉઘાડશે ત્યારે **તેમાંથી તેને** કાંઈ ઉમદા વિચાર, મીઠા, મધુર, માયાળુ વચનોમાં બાહેર પાડેલા મળશે અને તેને આનંદ, શાંતિ **તથા** સુખ પમાડવા વિના રહેશે નહીં. **ફુરસદનો વખત ગાળવાને આ પુસ્તક એક ઉપયોગી સાધન પુરૂં પાડશે.** ગાયનકારોને જોઈતા દોહરાઓનો એક અખુટ સંગ્રહ આ પુસ્તક રજુ કરશે અને મોજ સાથે નીતિ તથા ખુશાલી સાથે જ્ઞાન હરએક વાંચનારને સદા પુરૂં પાડશે."


કુલ્લે ૪૫૦ પાનાનો દળદાર ગ્રંથ.

કીંમત રૂ. ૧—૧૨—૦

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ, પારસી બજાર, કોટ, મુંબઈ.

અરદેશર ડી. વાડીયાની કું૦

અમદાવાદ અને મુંબઈ.



ઉપલાં જીનો અમારા કારખાનામાં બનાવેલા છે ને તે ઈંગ્લીશ જીનોની બરોબરી દરેક રીતે કરી શકે છે અને ભાવ ઘણો ઓછો છે. એક વખત ટરાયલ લીધાથી જરૂર ફાયદો થશે.

ALWAYS KEEP TWO STRINGS TO YOUR BOW.

LEARN THE ART OF

LIFE SAVING and DEVELOP YOUR BODY

THROUGH HEALTHY EXERCISES AT

THE VICTORIA SWIMMING BATH.

KENNEDY SEA FACE, FORT, BOMBAY.

The only Fresh Sea Water Bath For Natives of India

Maharajas and princes, Europeans and Natives, Civil, **Military and Naval Officers,** Merchants, and Gentlemen of the Medical, Legal **and Engineering** Professions, have taken advantage of this Bath and **have learnt** the sublime art of swimming on the latest scientific principles.

Proprietors and Principals

Messrs DADY & FRAMROZ C. GOLVALA.

હીંદુસ્તાનમાં સરવેથી ગંજાવર અને સગવડવાળો દરીયાના ખારાં પાણીનો દેશીઓ માટે ખાસ--વીદયારથીઓ માટે આશીરવાદ સમાન

વીકટોરિયા સ્વીમીંગ બાથ.

માલેક—મેસરસ દાદી અને ફરામરોજ સી. ગોળવાલા.

(કેનેડી સી ફેસ—બેંડસ્ટેંડ સામે મુંબઇ)

ઘણાક પ્રકારનાં દરદોનો રામબાણ મનગમતો સુતરો ઇલાજ.

☞ ખારા પાણીમાં તરવાની કસરત

તબીબી મત તરવાની કસરતના ફાયદા વીશે અલંકારીક છે.

નવા શીખાઉઓને ઘણીજ સંભાળથી માલેકોની ખાસ દેખરેખ તળે સાયનટીફીક રૂઢીઓ ઉપર તાલીમ દેવામાં આવે છે. બચાંઓને તદન છીછરાં પાણીમાં માલેકો પોતે સાથે શીખવે છે. તમે ગમે એવા નબળા સબળા હોવો—ચાહો તેવા પતળા યા ઠીંગા હોવો—ગમે તેટલા હલકા યા ભારી વજનના હોવો તોય માલેકો તમને ચુનંદા તરનારા બનાવી આપવાનું માથે લે છે. આ બાથનો લાભ લઇ ગયલા હજારો જણ ખારાં પાણીને અને તરવાના હુનરને આજે દુવા દે છે.


સ્પેશીયલ કલાસની સગવડ કરી આપવામાં આવશે.


તમામ બંદોબસ્ત માટે માલેકોને લખવું યા મળવું.

હાતીમભાઇ ગુલામહુસેન એન્ડ બ્રધર્સ,

ના. ૧૧૯, ૧૨૧ નાગદેવી સ્ટ્રીટ, મુંબઇ.










મીલ જીન એન્ડ રેલ્વે

સ્ટોર સપલાયરશ




સર્વે જાતના પાઇપઓ તથા

તેને લગતું

ફીટીંગશ મોટા

સ્ટોકમાં રાખ્યે છે.



TELEGRAPHIC ADDRESS **FITTING Bombay.**

Telephone No. 752.

Printed by Sorabji Muncherji Jagosh at the Bombay Vartman Press, No. 462, Mr. Nadirsha Vakil's Bungalow, Proctor Rd., Grant Road, Bombay, and edited & published by Sorabji & Hormasji Muncherji Jagosh from White House, near Fire Brigade Station, Chinchpoogly & Daver House, Lamington Road Grant Road, respectively Bombay.